# Vadaldi Varsi Re Sarovar Gujarati Garba Lyrics

વાદલડી વરસી રે

વાદલડી વરસી રે, સરોવર છલી વળ્યાં
હે સાસરયિામાં મ્હાલવું રે
પયિરીયાથી છૂટાં પડ્યાં
હે વાદલડી વરસી રે, સરોવર છલી વળ્યા…

મારા પગ કેરાં કડલાં રે
વીરો મારો લેવા હાલ્યો
હે વીરા લઇને વેલો આવજે રે
સાસરયિા મારા ઘેરે બેઠા
હે વાદલડી વરસી રે, સરોવર છલી વળ્યાં…

મારા હાથ કેરી ચૂડલી રે
વીરો મારો લેવા હાલ્યો
હે વીરા લઇને વેલો આવજે રે
સાસરયિા મારા ઘેરે બેઠા
હે વાદલડી વરસી રે, સરોવર છલી વળ્યાં…

મારી ડોક કેરો હારલો રે
વીરો મારો લેવા હાલ્યો
હે વીરા લઇને વેલો આવજે રે
સાસરયિા મારા ઘેરે બેઠા
હે વાદલડી વરસી રે, સરોવર છલી વળ્યાં…

મારા નાક કેરી નથણી રે
વીરો મારો લેવા હાલ્યો
હે વીરા લઇને વેલો આવજે રે
સાસરયિા મારા ઘેરે બેઠા
હે વાદલડી વરસી રે, સરોવર છલી વળ્યાં…

વાદલડી વરસી રે, સરોવર છલી વળ્યાં
હવે સાસરયિે જાવું રે
પયિરીયામાં મહાલી રહ્યાં
હે વાદલડી વરસી રે, સરોવર છલી વળ્યાં…

Gujaratilyrics.com